## કોર્પોરેટ સમાચાર

# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઇપીઓ ૨૮ ઓક્ટોબરથી ખુલશે

અમદાવાદ : ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂા. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઇક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઇપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઇશ્યુનો પ્રાઇસ બેન્ડ રૂા. ૧૯૫થી રૂા. ૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઇશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે. બે કરોડ ઇક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઇક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આઇપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઇટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઇશ્યુમાં કંપનીની આઇપીઓ પછીની ૧૫.૬ ટકા પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીનો સમાવેશ થાય છે, જ્યારે નેટ ઇશ્યુ આઇપીઓ પછીની પેઇડ-અપ ઇક્વિટી શેર મૂડીના ૧૪.૯૭ ટકાનો હશે. સમીર માનચંદા દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ડેન નેટવર્ક્સ લિમિટેડ દેશની અગ્રણી કેબલ ટેલિવિઝન કંપનીઓમાં સ્થાન પામે છે, જે સમગ્ર ભારતમાં એક કરોડથી વધુ ગ્રાહકો ધરાવે છે. જુલાઇ ૨૦૦૭માં સ્થાપિત ડેન નેટવર્ક્સ લિમિટેડે દેશના ૭૭ શહેરોમાં તેની સેવાઓનું વિસ્તરણ કર્યું છે અને હાલમાં તે ત્રણ લાખ ડિજિટલ કેબલ ટેલિવિઝન ગ્રાહકો ધરાવે છે. કંપનીએ સ્થાપના થઇ ત્યારથી દેશભરમાં ૬૨ સ્થાપિત એમએસઓનું સફળતાપૂર્વક એક્વિઝિશન અને ઇન્ટીગ્રેશન કર્યું છે.